**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૭ ટકા

# શહેરમાં કડવા ચોથની ઉત્સાહપૂર્વક ઉજવણી

ગાંધીનગર, તા.૨૪

કડવા ચોથ નિમિત્તે સેક્ટર-૨-એ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦થી વધારે વિવાહીત સ્ત્રીઓએ કડવાચોની પૂજાવિધિમાં ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગરની વિવાહીત બહેનો સહિત અમદાવાદ શહેરના નિકોલ, બાપુનગર, મણીનગર, બોપલ તથા કડી, કલોલ, મહેસાણા વિસ્તારોમાંથી વિવાહીત બહેનો ખૂબ જ સરસ રીતે તૈયાર થઈને પૂજામાં ભાગ લેવા આવી હતી. ગંધીનગરમાં છેલ્લા ૧૫ વર્ષથી સેક્ટર૨-૨-એમાં રહેતા ભૂમિબેન જોગાણી દ્વારા કડવા ચોથની પૂજાનું ખૂબ જ સરસ આયોજન કરવામાં આવે છે. ગાર્ડનમાં ખૂબ જ સુંદર રીતે આ વર્ષે પણ આયોજન કરવામાં આવ્યું હતું. પૂજનના અંતે પરિણતાઓએ માતાજીનો જયકારો





બોલાવ્યો હતો અને પોતાના પતિના દીર્ઘાયુ જીવન માટે પ્રાર્થના કરી હતી. પૂજનના કાર્યક્રમના અંતે દરેક મહિલાઓતથા ઉપસ્થિત નાગરિકોને ફેનીયાનો પ્રસાદ આપ્યો હતો તથા ભૂમિબેન જોગાણી દ્વારા લકી ડ્રો થકી ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કડવા ચોથનો શબ્દ સાંભળતા જ પૂજાની થાળી, આરતી સાથે ચંદ્રના અજવાળામાં ઉભેલી સુહાગણ સ્ત્રીનું દશ્ય નજર સમક્ષ તરવરે કારણકે હિન્દી ફિલ્મો તથા ટીવી સીરીયલોમાં અસંખ્યવાર આ દશ્યનો ઉપયોગ કરવામાં આવે છે. તેના કારણથી કડવાચોથના વ્રત ઉત્તર ભારતથી શરૂ થઈને ગુજરાત સહિતના દેશના અન્ય શહેરોમાં પણ પ્રચલિત બનવા પામેલ છે.

શહેરમાં કડવા ચોથ નિમિત્તે સેક્ટર૨-૨-એમાં બપોરના ૩ કલાકે સુહાગણ સ્ત્રીઓએ એકત્ર થઈને ગોળ રાઉન્ડ કરીને સુંદર મજાની પૂજાની થાળીઓ સાથે બેસીને કડવા ચોથની પૂજા કરી હતી. આ આયોજનમાં બેસ્ટ ડ્રેસ, લકી ડ્રો, ૪૦થી ઓછી વયજૂથ તથા ૪૦થી વધુ વયજૂથમાં બેસ્ટ ડ્રેસના ઈનામો આપવામાં આવ્યા હતા. પૂજા વિધિ બાદ કડવાચોથની વાર્તા કહેવામાં આવી હતી. કડવાચોથની પૂજાવિધિમાં આવેલ તમામ મહિલાઓમાં સેલ્ફી અને ફોટા કલીક કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો હતો. ગાર્ડનમાં સેલ્ફી અને ફોટો કલીક કરવા માટે ફોટો બૂથ પણ મુકવામાં આવ્યું હતું. જેમાં સુંદર સાજ શણગાર સજીને આવેલ તમામ મહિલાઓએ સેલ્ફી લીધી હતી. આ કાર્યક્રમમાં હર્ષાબા ધાંધલ, પૂર્વ મેયર રીટાબેન પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત કાવ્ય સંગ્રહમાં 'સિંહનાદ'નું વિમોચન



ગાંધીનગર, તા.૨૪

ગુજરાત સાહિત્ય અકાદમી અને શબદ આયોજિત કવિ ડી. સિંઘ સિસોદિયાના કાવ્યસંગ્રહ 'સિંહનાદ'નું વિમોચન પદ્મશ્રી વિષ્ણુ પંડયાના વરદહસ્તે થયું હતું. આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના ડૉ. જયેન્દ્રસિંહ જાદવ અને જાણીતા કવિ હરદ્વાર ગોસ્વામીએ વકતવ્ય આપ્યું હતું. સુપ્રસિધ્ધ ગાયિકા માયા દીપક, ડૉ. ફલ્ગુની શશાંક, ડૉ. કૃતિ મેઘનાથી, ડૉ. નરેન્દ્ર શાસ્ત્રી, ડૉ.ડિમ્પલ વ્યાસે ગુજરાતી ગીતોના નવા સ્વરાંકન પ્રસ્તુત કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. અશ્વિન આણદાણીએ કર્યું હતું.



'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત સીમા સુરક્ષા દળ દ્વારા રાજસ્થાનના જેસલમેર નજીકની રાયથનવાલા ચોકીથી કેવડિયા સુધીની ૭૨૩ કિમીની સાયકલ રેલી યોજવામાં આવી છે જે સાયકલ રેલી રવિવારે ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે આવી પહોંચી હતી. આશરે ૪૯૦ કિમીનું અંતર કાપીને કલોલ આવી પહોંચેલી રેલીનું બીએસએફના અધિકારીઓ તથા જવાનો-કર્મચારીઓ દ્વારા સ્વાગત કરાયું હતું અને ઔપચારિક કાર્યક્રમ પછી રેલીને કેવડિયા જવા પ્રસ્થાન કરાવાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સાયકલ રેલીમાં બીએસએફના ૧૫ સાયકલિસ્ટ સામેલ થયાં છે.

## સે-૨૯ની પ્રાથમિક શાળાની છતમાંથી ભારેખમ પોપડાં ધડાકાભેર ખરી પડયાં....!!

**સદભાગ્યે શાળા બંધ હોવાથી કોઈને ઈજા નથી થઈ : શાળા ચાલુ હોત તો બાળકોનું શું થાત તે વિચારે વાલીઓ ચિંતામાં! શુંશહેરની જર્જરિત શાળાઓ આવી 'સ્માર્ટ સ્કૂલ' બનશે?**

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીઓમાં આ વખતે પાયાની સુવિધાઓ વધુ ચર્ચામાં રહી જેમાં શહેરની પ્રાથમિક શાળાઓને અત્યાધુનિક બનાવવાનો મુદ્દો ચગ્યો હતો અને લગભગ દરેક રાજકીય પાર્ટી દ્વારા પાટનગરની શાળાઓને 'સ્માર્ટ સ્કૂલ' બનાવવા જેવા વચનોની લ્હાણી કરી હતી. જો કે શહેરમાં અત્યારે જે સરકારી પ્રાથમિક શાળાઓ અસ્તિત્વમાં છે તેની હાલત કેટલી બદતર છે તે શુક્રવારે સાંજે બનેલી ઘટના પરથી સમજાય છે જેમાં સેક્ટર-૨૯ની પ્રાથમિક શાળાના એક ઓરડાની છતમાંથી મસ મોટાં ભારેખમ પોપડા ખરી પડયાં છે. સદભાગ્યે શાળા ચાલુ



ના હોવાથી આ ઘટનામાં કોઈને ઈજા થવા નથી પામી પરંતુ આવી ઘટના જો ચાલુ સ્કૂલે સર્જાય તો હોનારત સાબિત થઈ શકે છે.

શહેરના સેક્ટર-૨૯માં સરકારી પ્રાથમિક શાળાનું મકાન એટલું જર્જરતિ થઈ જવા પામ્યું છે કે શાળાના બંધ ઓરડાની છતમાથી મસમોટાં પોપડાં ધડાકાભેર ખરી પડયાં હતા. કોરોના મહામારીના સમયમાં લાંબા સમયથી બંધ હાલતમાં રહેલી શાળાની સ્થિતિ અત્યંત બદતર થઈ જવા પામી છે અને હવે જયારે ધીમે ધીમે પરિસ્થિતિ થાળે પડી રહી છે. જેના પગલે શાળાઓ ઝડપથી નિયમિતપણે શરૂ થશે તેવી આશા બંધાઈ છે તેવા સમયે સર્જાયેલી ઘટના બાળકો માટે 'ઉલમાંથી ચુલમાં પડવા' જેવી બની શકે છે. અત્યારે તો ઓનલાઈન શિક્ષણના પગલે શાળા બંધ હતી પરંતુ ફરી શાળાઓ શરૂ થાય તે પહેલા આ સહિત તમામ શાળાઓના મકાનોની ચકાસણી કરી તેની યોગ્ય મરામત કરાવી લેવી હિતાવહ રહેશે.

## હવે આપ પાર્ટીના હારેલા ઉમેદવારો માટે "દિલ્હી" નજીક..!!!

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં તમામ શહેરીજનોથી માંડીને રાજ્યના રાજકિય વિશ્લેષકોનું પણ ધ્યાનાકર્ષિત કરવામાં અનો પહેલીવારમાં જ ૨૧ ટકા જેટલા મતો મેળવવામાં સફળ રહેનાર આમ આદમી પાર્ટીએ એક બેઠક સાથે મનપામાં એન્ટ્રી તો મેળવી લીધી છે પરંતુ હવે આપ પાર્ટી તેના હારેલા ઉમેદવારો સહિત કાર્યકરો અને પાર્ટી સાથે સંકળાયેલાઓને 'દિલ્હી દર્શન' કરાવવાનું આયોજન કરી રહી છે. આ આયોજનમાં પ્રથમ સ્લોટમાં મનપાની ચૂંટણીના હારેલા ઉમેદવારોને દિલ્હી લઈ જવાનું નક્કી થતાં હાર પછી પણ ઉમેદવારોનું નસીબ ચમકી ઉઠ્યું છે.

'દિલ્હી મોડેલ'ને મતદારો સમક્ષ રજુ કરીને આમ આદમી પાર્ટીએ ગાંધીનગરની મનપા કબજે કરવા ભરપૂર પ્રયાસ કર્યા હતા, પરંતુ તેમાં ઝાઝી સફળતા મળી નથી. પરંતુ હવે પાર્ટીના હારેલા ઉમેદવારોને દિલ્હી દર્શન કરાવવાનું આયોજન કર્યુ હોવાનું પાર્ટીના શહેર પ્રમુખ જીતેન્દ્ર ધરવાડીયા દ્વારા આપ પાર્ટીના સોશિયલ મિડીયા ગૃપમાં જણાવવામાં આવ્યું છે. આ સાથે બીજા રાઉન્ડમાં પાર્ટીના કાર્યકર્તાઓ અને પાર્ટી સાથે સંકળાયેલાઓને પણ 'દિલ્હી દર્શન' કરાવાશે તેવું જાણવા મળ્યું છે. બીજી તરફ મહિનાઓની તનતોડ મહેનત પછી પણ હારનો સામનો કરનાર ઉમેદવારોમાં ગણગણાટ ચાલી રહ્યો છે કે 'જો ચૂંટણી પહેલા ઉમેદવારોને દિલ્હી દેખાડ્યું હોત તો કદાચ મતદારો સામે વધુ સારી રીતે રજુઆત કરી શકત ને...'

## જન્મદિને વધામણી



દિનેશ ચૌહાણ
મો.૯૯૭૮૪ ૪૦૧૨૬



આર.સી. રાવલ
મો. ૯૪૮૪૬ ૨૩૩૫૬

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પંડયા રમેશચંદ્ર ગૌરીશંકર, ઉ.વ. ૯૦, સરગાસણ
- સ્વ. સુખીયા કિશોરભાઈ ઠાકોરલાલ, ઉ.વ. ૫૫,દહેગામ
- સ્વ. ઠકોર લક્ષ્મીબેન ગાભુજી, ઉ.વ. ૭૫, આલમપુર
- સ્વ. પાન્ડે ઉષાકુમારી ધર્મરાજ, ઉ.વ. ૬૪, કુડાસણ
- સ્વ. મોદી ઘનશ્યામભાઈ ગોરધનભાઈ, ઉ.વ. ૫૯, સેકટર-૩
- સ્વ. ખત્રી મુલચંદ ખુમાજી, ઉ.વ. ૭૭, ચિલોડા મોટા
- સ્વ. ઠાકોર કંચનબેન અમરસીભાઈ, ઉ.વ. ૧૫, બાલવા, માણસા

● રૂદ્રભૂમિ ●

- સ્વ. જાની મનુભાઈ નટવરલાલ, ઉ.વ. ૭૮, સે-૭
- સ્વ. ખત્રી હરીલાલ લવજીભાઈ, ઉ.વ. ૭૬, અડાલજ
- સ્વ. મિશ્રા હરીકાન્તા અનિરૂધ્ધભાઈ, ઉ.વ. ૮૭, કુડાસણ

# સફળતા જરૂરી પરંતુ જીવન અર્થપૂર્ણ બનાવવું વધુ મહત્વનું

**પરિવારના નજીકના સગાંસંબંધી દૂર થઇ જતાં સેવા પ્રવૃતિઓ થકી અસંખ્ય પારકાને પણ પોતાના બનાવનાર ગાંધીનગરનું 'હટ કે ફેમિલી' : પોતાની સર્જનાત્મકતાનો ઉપયોગ પણ સેવા માટે કરતો પરિવાર અનેક માટે પ્રેરણારૂપ બની રહ્યો છે**



**સંબંધ સજાવે જિંદગી**
સમીર રામી

ગાંધીનગર, તા.૨૪

કોરોના મહામારીના લૉકડાઉન દરમ્યાન પરિવાર અને મિત્રો-સ્નેહીજનો જેવા સબંધોનું મહત્વ સૌ કોઈને સુપેરે સમજાઈ ચુક્યું છે અને તે સાથે સાચી ખુશી 'માત્ર એકઠું કરવામાં નહીં પરંતુ વહેંચવામાં' છે તે વાતનો પણ બધાને અહેસાસ થઈ ગયો છે. ગાંધીનગરમાં એક એવો પરિવાર વસે છે જેના શહેરમાં આમ તો કોઈ નજીકના સગા-સબંધી નથી પરંતુ આ પરિવારની સેવા પ્રવૃતિઓ એવી છે તેમણે અસંખ્ય પારકાઓને પણ પોતાના બનાવી દીધાં છે. નિકિતા રૂપારેલ અને વિપુલ પંચાલનો આ પરિવાર એક એવો પરિવાર છે જે પારિવારિક મિત્રોમાં 'હટ કે ફેમિલી' તરીકે ઓળખાય છે.

ગાંધીનગરની ટીસીએસ કંપનીમાં ઓપરેશન્સ વિભાગમાં મેનેજરનો હોદ્દો ધરાવતાં નિકિતા પંચાલ મૂળ કચ્છના નખત્રાણાથી મુંબઈ વસેલા પરિવારના દિકરી છે જેમના પિતા વર્ષો પહેલાં સ્વર્ગે સિધાવી ગયા પછી માતા દેવયાની સાથે મા-દિકરીએ જમાનાની ઠોકરો ખાતા ખાતા જીંદગીને સજાવી છે. જોકે બેંગલોર, હૈદરાબાદ અને પૂણે જેવા મોટા શહેરોમાં નોકરીને કારણે વસવાટ કરી ચુકેલાં નિકિતાને બે બાળકો પછી લગ્નજીવનમાં છુટાછેડાંની સ્થિતિનો સામનો કરવાનો આવ્યો હતો. નિકિતાના ઉછેરમાં તેની માતાએ પહેલેથી જ સેવાના ગુણોનું નિરૂપણ કર્યુ હોવાથી તે જયાં રહ્યાં ત્યાં જરૂરીયાતમંદ વર્ગના બાળકોને ભણાવવા, ઉનાળાના બળબળતાં બપોરે છાશ વિતરણ કરવું તેમજ વાર તહેવારે ગરીબોને જમાડવા કે બાળકોના જન્મદિવસ અથવા ધાર્મિક ઉત્સવો વૃધ્ધાશ્રમ આશ્રિત વડીલો સાથે ઉજવવા જેવી પ્રવૃતિઓ કરતાં રહેતા હતા. પૂણેના ધાનોરી વિસ્તારમાં મા-દિકરીને નિયમિતપણે બાળકોને રસ્તા પર ભણાવતાં જોઈને ત્યાંની ડી.વાય.પાટીલ નોલેજ વિલેજ સંસ્થાના પ્રિન્સિપાલે એક વર્ગખંડ ફાળવી આપવાની ઓફર કરી હતી.

જોકે આ ઓફર પરિપૂર્ણ થાય તે પહેલાં ૨૦૧૯માં નિકિતાના જીવનમાં પોતાની કંપનીના ગાંધીનગર ખાતે આઈટી વિભાગમાં કાર્યરત વિપુલ પંચાલ સાથેનો પરિચય લગ્નમાં પરિણમતા તેઓ બંને બાળકો અને માતા સાથે અહીં આવીને વસી ગયા. ગાંધીનગરમાં કુડાસણમાં કાનમ રેસિડેન્સીમાં ભાડે રહેવા આવ્યાં પછી પણ તેમની પ્રવૃતિઓ અટકી નહીં બલ્કે તેમને હવે પતિના રૂપમાં એક ઉત્સાહી તેમજ તેમનાથી વધુ યુવાન સ્વયંસેવક મળી જવા પામ્યો છે. હવે બાળકો સહિત પાંચેયનો આ પરિવાર ગાંધીનગરમાં વાર તહેવારે ગરીબોને જમાડે છે, શિયાળામાં ધાબળા વિતરણ, શિવરાત્રીના મેળમાં પંચદેવ મંદિરના









મેળામાં અને છેલ્લાં ચાર વર્ષથી ઉનાળાની આકરી ગરમીમાં છાશ વિતરણ કરવા સહિતની અનેક સેવાકીય પ્રવૃતિઓ કરે છે અને હવે આ કાર્યોની સુવાસ તેમના મિત્રો-પડોશીઓ અને કંપનીના સહકર્મીઓમાં પણ પ્રસરતાં અનેક સ્વયંસેવકો પણ તેમની સાથે મદદમાં જોડાય છે અને યથાશક્તિ દાનફંડ પણ આપે છે જેથી તેમની સેવાઓનો વ્યાપ વધતો જાય છે.

કોરોના લૉકડાઉન દરમ્યાન આ પરિવારે પોલીસ તથા સુરક્ષા કર્મીઓને નિયમિત સવારથી રાતના બે-ત્રણ વાગ્યા દરમ્યાનના વિવિધ સમયે લીંબુપાણી, ચા-કોફી જેવી સેવા પુરી પાડી હતી. આ સાથે તેઓ વારંવાર જરૂરીયાતમંદોને ભોજનસેવા પુરી પાડે છે જેમાં કુડાસણથી છેક અમદાવાદના કેમ્પના હનુમાનજી સુધીનો વિસ્તાર આવરી લે છે. આ સેવામાં મોટાભાગનું ભોજન જાતે બનાવે છે તેમજ સાથે જલેબી જેવી વાનગી તૈયાર ખરીદીને ઉમેરે છે. આ સેવામાં જો મેનુ ચણાપુરીનું હોય તો સાસુ દેવયાનીબેન ચણા બાફે તો જમાઈ વિપુલકુમાર પુરીનો લોટ બાંધી આપે અને વિતરણમાં બાળકો પણ હોય તેવી રીતે આખો પરિવાર જોડાય છે. નિકિતાની જોબ તો નાઈટ ડ્યુટીની છે જે પતાવી માત્ર ચાર જ કલાકની ઉંઘ લઈને તે વહેલી પરોઢથી કામમાં જોડાઈ જાય છે તેથી મજાકમાં બધા તેને 'લેડી મોદી' પણ કહે છે. પાંચેય જણ ટેનિસ રમવા પણ સાથે જાય છે અને પાર્ટી લવર્સ હોવાથી પ્રસંગોમાં સરખાં જ તૈયાર થઈને જમાવટ કરે છે. એકવાર એક મેરેથોન દોડ જોઈને નાના દિકરા ઓમને પણ મેરેથોન દોડવાની ઈચ્છા થઈ તો નિકિતાએ 'નટખટ' નામનું એક કોમર્શિયલ ઈવેન્ટ ગૃપ બનાવીને બાળકો માટે પાંચ કિમીની મેરેથોન દોડનું આયોજન કરી દીધું હતું. મા-દિકરી બંને એટલી સર્જનાત્મકતા ધરાવે છે કે તેઓ 'એનડી ક્રિએશન' નામથી હોમ ડેકોરની અનેકવિધ ચીજવસ્તુઓ બનાવે છે. તેમણે નવરાત્રીમાં ડેકોરેટીવ ગરબા બનાવી તેના વેચાણથી થયેલી આવકમાં તેટલાં જ નાણાં પોતાના ઉમેરીને ૫૦૦ જેટલાં જરૂરીયાતમંદોને જમાડ્યાં હતા. તેઓ અમદાવાદના એક ગૃપ સાથે સંકળાઈને પ્રજ્ઞાચક્ષું બાળકોના પેપર કે એસાઈમેન્ટ લખી આપવાની સેવા પણ આપે છે. તેમણે કુડાસણના હનુમાનજીના મંદિરે પોતાના ખર્ચે વૃક્ષારોપણ પણ કરી આપ્યું છે.

છેલ્લાં બેએક માસથી મા-દિકરીએ પૂણેની જેમ ગાંધીનગરના કુડાસણમાં સ્પાઈસી સ્ટ્રીટના આગળના ભાગે દરરોજ સવારે ૨૦થી પણ વધુ ગરીબ બળકોને એકઠાં કરીને નિયમિત ભણાવવાનું કામ શરૂ કર્યું છે જે પ્રવૃતિને તેમણે 'છોટી સી આશા - એનડી કેર'નું નામ આપ્યું છે. પૂ.જ્ઞાનવત્સલ સ્વામી અને બીકે શિવાનીદીદીના વિચારોથી પ્રભાવિત આ મા-દિકરી માને છે કે 'સફળતા જરૂરી છે પરંતુ જીવન અર્થપૂર્ણ બનવું વધુ મહત્વનું છે'. સારો પગાર ધરાવતા હોવા છતાં ભાડાના મકાનને બદલે પોતાનું મકાન ખરીદી લો તેવી સલાહ સામે તેમનો જવાબ હોય છે કે 'જીંદગી લોનના હપ્તા ભરવામાં વેડફવી તેના કરતાં તો દરેકના દિલમાં રહેવું વધુ ઉત્તમ છે'.

પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com